# અરવલ્લીના મોડાસાની સબ જેલમાં રક્ષાબંધનની અનોખી ઉજવણી

મોડાસા, તા.૨૮

'કોણ હલાવે લીમડી અને કોણ જુલાવે પીપળી ભાઈની બેની લાડકી ને ભઈલો જુલાવે ડાળખી' ખરેખર આ ગીત ગાનારે સાચે જ ગાયુ છે કે ભાઈ બહેનનો પવિત્ર સબંધ એ આ દુનિયાના સબંધોનો અનોખો સબંધ છે. ત્યારે આજ રોજ અરવલ્લી ઉપસ્થિત દુર્ગાવાહીનીની બહેનો તેમજ એન.જી.ઓ.ની બહેનો દ્વારા સબ જેલના કેદીઓને કંકુ તીલક કરી રાખડી બાંધી મોઢુ મીઠુ કરવામાં આવ્યુ હતુ. ત્યારે એ સમયે આ બહેનો દ્વારા કેદીઓને રાખી બાંધી તે વખતે કેદીઓ અને બહેનોની આંખમાં આંસુ સરી પડયા હતા અને વાતાવરણમાં ગમગીની છવાઈ



કેદીઓની આંખમાં આસુ આવતા વાતાવરણ ગમગીન બન્યુ

જીલ્લાના મોડાસા ખાતે પત્રકાર પ્રેસ પરિષદના ઉપક્રમે મોડાસા ખાતે સબજેલમાં કેદીઓને રાખી બાંધવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નાયબ કલેકટર રીટાબેન પંડયા , અરવલ્લી જીલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલ, સબજેલના અધિક્ષક પંચાલ સાહેબ તેમજ પત્રકાર પ્રેસ પરિષદના હોદ્દેદારો ઉપસ્થિત રહયા હતા તેમજ ગઈ હતી. ખરેખર આ સમયે ઉપસ્થિત સૌ કોઈની આંખો આ ભાઈ - બહેનનો પ્રેમ જોઈને ભરાઈ આવી હતી. ત્યારે સબજેલના કેદીઓએ રાખડી બાંધતી બહેનોને અમે સજા પુરી થયે સુદર જીવન વિતાવીશુ અને ફરીથી ગુનાહીત કાર્ય નહી કરીશુ. તેવા વચન આપ્યા હતા.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# અરવલ્લીમાં ૩૧મીએ બ્રહ્મસમાજ દ્વારા અનામત રેલી

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના મોડાસામાં અરવલ્લી જીલ્લા બ્રાહ્મણ સમાજ ધ્વારા અનામતની પ્રબળ લોકમાંગણી, જન જાગૃતી રેલી અને અરવલ્લી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાનો વિશેષ કાર્યક્રમ યોજાશે.

અરવલ્લી જીલ્લા બ્રાહ્મણ સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે સમાજના કોઈ પણ વર્ગનો અધિકાર છીનવ્યા વિના બ્રાહ્મણો પોતાના હક્કો મેળવવા એકત્રીત કરવાનું ભવ્યાતિભવ્ય આયોજન તા.૩૧/૮/૨૦૧૫ ને સોમવારના રોજ બપોરે ૧૨ વાગ્યાના સુમારે રાખેલ છે. અરવલ્લી જીલ્લાના મોડાસાના કલ્યાણ ચોક, માલપુર રોડ, મોડાસા ખાતે બ્રાહ્મણો મોટી સંખ્યામાં એકત્રીત થશે તેમ જાણવા મળેલ છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા, મેઘરજ, મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર તાલુકાના ભુદેવો મોટી સંખ્યામાં મોડાસામાં એકત્રીત થશે.

જેમાં ભુદેવો પિતાંબર પહેરી જનજાગૃતી રેલીમાં જોડાશે અને અરવલ્લી જીલ્લા કલેકટરને આવેદનપત્ર બ્રાહ્મણો ધ્વારા આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે. અરવલ્લી જીલ્લા બ્રાહ્મણ સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં રાજ્ય સરકારો ધ્વારા બ્રાહ્મણો માટે કંઈ જ વિશેષ નોંધપાત્ર કર્યુ નથી ? ગુજરાત રાજ્યમાં ઠેર-ઠેર ચાલી રહેલ અનામત આંદોલનમાં સહભાગી બનવા તેમજ બ્રાહ્મણ સમાજને હળહળતો અન્યાય ના થાય તેના માટે અરવલ્લી જીલ્લા બ્રાહ્મણ સમાજ ધ્વારા વિશેષ રીતે વિવિધ પ્રકારના આયોજનો કરવાનું આયોજન કરેલ છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા, મોડાસા તાલુકા સહિત વિવિધ તાલુકાઓમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં બ્રાહ્મણ સમાજને એકત્રીત કરવા માટે એક તાંતણે બાંધવા માટે વિશેષ આયોજનો ઠેર-ઠેર ચાલી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં બ્રાહ્મણ સમાજનું સંઘઠન વધુમાં વધુ મજબુત બનાવવા અને કાર્યક્રમને સફળ બનાવવા ઠેર-ઠેર બેઠકો અને તાડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## મોડાસાની બીકનાઈ સ્કૂલમાં ફેન્સી કેપ સ્પર્ધા યોજાઈ

મોડાસા, તા. ૨૮

મોડાસા કેળવણી મંડળ સંચાલિત બીકનાઈ સ્કૂલમાં -્રાઈમરી વિભાગના શિક્ષકો દ્વારા બાળકો અને વાલીઓ દ્વારા બનાવાયેલ ટોપીઓની સ્પર્ધા યોજાઈ હતી.

નેચર વિષય ઉપર યોજાયેલી સ્પર્ધામાં ટોપીઓનું -દર્શન યોજાયું હતું. રેણુકાબેન સોની અને ઈલાબેન વ્યાસ નિર્ણાયક હતા.

વિજેતાઓને પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. સ્પર્ધાનું આયોજન સ્કૂલના ઈન્ચાર્જ રૂકસાના મેડમ સહિત સ્ટાફે કર્યું હતું.

# મોડાસામાં આર.ટી.ઓ. એજન્ટની ઓફિસમાં તોડફોડ

### મોડાસા નજીક આવેલી અરવલ્લી જિલ્લા આરટીઓ કચેરી બિલ્ડીંગમાં આવેલી કેન્ટીન અને એજન્ટની ઓફિસમાં તોડફોડ મચાવી સર-સામાનને આગ ચાંપી દેવાની ઘટના : રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

મોડાસા, તા. ૨૮

મોડાસાથી ૫ કિમી દૂર ટોલનાકાની પેલે પાર ગાજણ ગામની સીમમાં અરવલ્લી જિલ્લા બુધવારે રાત્રે ઘૂસેલા અજાણ્યા શખ્સોએ અગમ્ય કારણોસર મોટાપાયે તોડફોડ કરી સરસામાનને આગ ચાંપી દીધી ટેબલ અને રિવોલ્વીંગ ચેર તેમજ કેન્ટીનમાં કાઉન્ટર ટેબલ, સીલીંગ ફેન, ટેબલફેન, નેવિઝન સ્ટોરનો સરસામાન, ગેસ સિલિન્ડર અને ઘટના અંગે માણેકબા સોસાયટીમાં રહેતા નીતીનભાઈ મંગળદાસ ગુર્જરની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



આરટીઓ કચેરી આવેલી છે. કચેરી બિલ્ડીંગ સંલગ્ન ખાનગી કેન્ટીન અને એજન્ટની ઓફિસમાં હતી. એજન્ટની ઓફિસમાં રહેલા બે કોમ્પ્યુટર, સીલીંગ ફેન, લાકડાના ઘોડા નંગર , કાઉન્ટર બહાર રખાયેલી હાથલારીથી માંડી ચાનાસ્તાના કાઉન્ટરને તોડી ફોડી આગ ચાંપી દેવાઈ હતી. નુકસાન પહોંચાડનાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ડીસાની મોર્ડન સ્કૂલના ૨૪૭ વિદ્યાર્થીને રક્ષાબંધન નિમિત્તે દાતાઓએ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા કવચ પ્રદાન કર્યું

ડીસા, તા. ૨૮

દેશમાં -ધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાથી જયારે દેશનો -ત્યેક નાગરિક વીમા કવચથી સુરક્ષિત છે ત્યારે ડીસામાં આવેલી મોર્ડન સ્કુલના ૨૪૭ જેટલા છાત્રોને આજે સખી દાતા તરફથી 'રક્ષાબન્ધન 'નીમીતે તમામનો વીમો લેવામાં આવતા આ તમામ બાળકો વીમા કવચથી સુરક્ષિત બન્યા હતા અને સખીદાતાઓની આ સખાવત બિરદાવી હતી.

રક્ષાબન્ધનનાં પવિત્ર તહેવારનું મહાત્મ્ય અને ઉદેશ જયારે રક્ષાકવચ છે ત્યારે ડીસામાં આવા જ ઉમદા આશયથી અને રક્ષાબંધન તહેવારમાં સેવાના ઉદ્દેશને આગળ ધપાવતા સખીદાતા -વીણભાઈ ગોરધનજી માળી અને અલ્પેશ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્કુલમાં અભ્યાસ કરતા બાળકોને વીમા કવચથી સુરક્ષિત કરાયા હતા.

જેમાં ડીસાની મોર્ડન સ્કુલ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં બનાસકાંઠા જીલ્લા શિક્ષનાધિકારી ડો. આર. કે. પટેલની હાજરીમાં ભાજપ -દેશ યુવા મોરચના મહામંત્રી અને સખીદાતા -વીણભાઈ ગોરધનજી માળી અને અલ્પેશ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન મુન્નાભાઈ દ્વારા આ શાળામાં ભણતા ૨૪૭ જેટલા વિદ્યાર્થીઓનો -ધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત વીમો લેવાયો હતો અને તમામનું -ીમીયમ ભરાયું હતું. આ -સંગે સ્કુલની બાલિકાઓએ વિદ્યાર્થીઓને 'વીમા કવચ' પૂરું પડતા દાતાઓનું રાખડી બાંધી આરતી ઉતારી બહેન તરીકે આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં અન્ય મહાનુભાવોમાં તાલુકા શિક્ષન અધિકારી ભરતભાઈ પટેલ, બી. આર. સી. -વીણભાઈ સાધુ અને સ્કાય ઈન્ટરનેશનલના ડો. સુનીલ આચાર્ય પણ જોડાયા હતા. આ સેવા સહયોગની ભાવનાની જિલા શિક્ષાનધિકારી ડો. આર. કે. પટેલ દ્વારા બિરદાવી હતી.

## અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રક્ષાબંધનના પર્વ નિમિત્તે ભુદેવો જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાશે

ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રક્ષા બંધનના પર્વ નિમિત્તે ભુદેવો ધ્વારા જનોઈ બદલવાનો કાર્યક્રમ ઠેર-ઠેર યોજાશે.

ભિલોડામાં શ્રી વૈજનાથ મહાદેવ મંદીર પરીસર પાસે હાથમતી નદી કિનારે ગોર મહારાજ ભુદેવોને ધાર્મિક વિધિવિધાન પુર્વક જનોઈ બદલાવવાની ધાર્મિક વિધિ કરાવશે તેમ ભુદેવો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા બ્રાહ્મણ સમાજની વાડીમાં ભુદેવો બ્રહ્મભોજન એક સાથે લેશે તેવું વિશિષ્ટ આયોજન કરેલ છે.

# સલાલ ગામે લીમડાના ઝાડમાં દૂધ જેવુ સફેદ પ્રવાહી નિકળતા પ્રજાના ટોળા જોવા ઉમટ્યા

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ સલાલ ગામે એક લીમડાના ઝાડીમાંથી સફેદ દૂધ જેવું પ્રવાહી અચાનક નિકળવાનું ચાલુ થતાં લોકો ભગવાનનો ચમત્કાર માની દર્શન માટે ઉમટી પડ્યા હતા અને દિવો કરી પૈસા મુકવા માંડ્યા હતા.

પ્રાંતિજથી આઠ કિલોમીટર દૂર આવેલ સલાલ રેલવે સ્ટેશન બજાર વિસ્તારમાં આવેલ વર્ષો જુના લીમડાના ઝાડ ઉપરથી અચાનક બપોર પછી સફેદ દૂધ જેવું પ્રવાહી



વહેતુ ચાલુ થતાં લોકો શ્રાવણ મહિનામાં શિવનો ચમત્કાર માની પ્રસાદ સ્વરૂપે પીવા લાગ્યા હતા. જ્યારે વાયુવેગે સમાચાર સલાલ ગામ સહિત આજુ બાજુના વિસ્તારોમાં પ્રસરી જતા નાના મોટા સૌ કોઈ જોવા માટે ઉમટી પડતા હતા અને લીમડાના ઝાડ ઉપરથી નીકળતું પ્રવાહી પીને ધન્યતા અનુભવી હતી અને બોટલો ભરી જતા હતા ત્યારે કોઈ ધર્મ પ્રેમી વ્યક્તિ દ્વારા દિવો પણ કરવામાં આવ્યો હતો અને કેટલાક લોકો લીમડાના ઝાડના દર્શન કરી થડ ઉપર પૈસા મુકતા નજરે પડ્યા હતા. ત્યારે આ તો શ્રદ્ધા કે અંધ શ્રદ્ધા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### મેઘરજના શણગાલ-મહુડી ગામની પાદરમાં

# નવજાત ત્યજી દીધેલી બાળકીની માતાની ઓળખ : જનેતા સહિત ૪ સામે ગુન્હો નોંધાયો

ઈસરી, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં ૧૩ ઓગસ્ટે મેઘરજ તાલુકાના પાદર-મહુડી ગામની સીમમાંથી પસાર થઈ રહેલા રાહદારીને માર્ગની બાજુમાં રહેલી ઝાડી-ઝાંખરાઓમાંથી રડવાનો



અવાજ સંભળાતા રાહદારીએ જોતા નવજાત ત્યજી દીધેલુ શીશુ કંતાનના કોથળામાં લપેટાયેલુ જોવા મળતાં આ અંગે ગ્રામજનોને જાણ થતા ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ગ્રામજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મેઘરજ આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. ત્યજી દેવાયેલી બાળકી તંદુરસ્ત જણાતા ઓઢવ શીશુ કેન્દ્રમાં રાખી મેઘરજ પીએસઆઈ મોડીયાએ ત્યજી દેવાયેલી બાળકીની માતાને શોધવા સઘન તપાસ હાથ ધરાતા માતા અને અન્ય ૩ શખ્સોને ઝડપી પાડવામાં આવતા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મેઘરજ તાલુકાના શણગાલ મહુડી ગામની સીમમાંથી ૧૩ ઓગષ્ટે ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવી હતી. મેઘરજ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરતાં પ્રેમલગ્ન કરનાર યુવતિને પતિ સગર્ભા બનાવી તરછોડી દેતાં સમાજમાં બદનામ થવાની બીકે પ્રસુતિ બાદ બાળકીને ત્યજી દીધી હોવાનું જાણવા મળતાં આ સંદર્ભે મેઘરજ પોલીસ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે. મેઘરજ તાલુકાના નવા સામેરા ગામની યુવતિ ઈન્દુબેન તરારને પ્રપ્રાંતિય યુવક સાથે પ્રેમસંબંધ બંધાતા ભાગી જઈને પ્રમલગ્ન કર્યા હતા. લગ્ન બાદ અંબાજીમાં રહેતા આ યુવતિના પતિને કેરાલા નોકરી મળતા સગર્ભા યુવતીને છોડીને ભાગી ગયો હતો. પિયરીયાઓને જાણ થતાં ઈન્દુબેનને સામેરા લાવ્યા હતા. દસ દિવસ બાદ આ યુવતીએ બાળકીને જન્મ આપતા યુવતીની માતા, મામા અને મામીએ સમાજમાં બદનામ થવાની બીકે નવજાત બાળકીને ત્યજી દીધી હતી. આ અંગેની જાણ મેઘરજ પોલીસને થતાં ધીમા પગલે નક્કર કાર્યવાહિ કરી નવા સામેરા ગામની ઈન્દુબેન તરારને ઝડપી પાડી અન્ય મદદગારી કરનાર ત્રણ શખ્સોની ઝડપી લીધા હતા. પોલીસે બાળકી અને માતાનો ડીએનએ ટેસ્ટ કરાવતાં આ બાળકી આજ યુવતિની હોવાનું સ્પષ્ટ થયા બાદ પરીક્ષણ રીપોર્ટ બાદ કોર્ટ રાહે હાથ ધરાશે.

(તસવીર : મુકેશ ડામોર, ઈશરી)

# તાજપુર કૂઈ પાસે બિન અધિકૃત ખનીજચોરી કરતાં ચાર ટ્રક પકડાયા

## ચાર ટ્રક પકડાતા ખનીજ ચોરી કરતા અન્ય ટ્રકચાલકોમાં ફફડાટ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ તાજપુર કૂઈ પાસે બિનઅધિકૃત ખનીજ ચોરી કરી જઈ રહેલ ચાર ટ્રક હિંમતનગર ખનીજ વિભાગ દ્વારા પકડી પડાતા ખનીજ ચોરો સહિત અન્ય ટ્રક ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

પ્રાંતિજ પોલીસસ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ૨૮-૮-૨૦૧૫ને શુક્રવારના રોજ વહેલી સવારે રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે. કે. વ્યાસ દ્વારા નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ તાજપુર કૂઈ પાસે ઓચિંતી ચેકીંગ હાથ ધરવામાં આવી હતી. જેમાં ટ્રક નં. જીજે-૧૮-એયુ-૮૮૯૬, ટ્રક નં. જીજે૯-એવી-૨૧૮૮, ટ્રક નં. જીજે૧૩-ઝેડ-૪૩૬૧, ટ્રક નં. જીજે૧૮-એન-૯૨૫૯ ચારેય ટ્રકચાલકો વગર પાસ પરમીટ કે કોઈ અન્ય પુરાવા ના હોવાથી બિનઅધિકૃત ખનીજ ચોરી કરતા માલુમ પડતાં ચારેય ટ્રકો સામે કાયદેસરની કાર્યવાહી





કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મુકાઈ દેવામાં આવ્યા હતા. જ્યારે આ સમાચાર ખનીજ માફિયાઓ તથા ખનીજ ચોરો તથા અન્ય ટ્રકચાલકોમાં પહોંચતા તેવોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

(સંજય રાવલ, પ્રાંતિજ)

# મોડાસાથી કોલીખડ સુધીનો પાસ કઢાવી કોલેજ સ્ટેન્ડ પર ઉતરી શકાશે

મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા ખાતે આવેલ મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંળડ સંચાલીત ૧૩ જેટલી કોલેજના હજારો વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને કોલેજમાં અભ્યાસ કરવા હેતુ મોડાસા ડેપોથી પગપાળા કોલેજ સુધી જવુ પડતુ હતુ. માથુ ફાડી નાખે તેવી ગરમી હોઈ, જોરદાર વરસાદ હોય કે પછી શિયાળાની કડકડતી ઠંડી હોય તો પણ મોડાસાની આજુબાજુથી ઉચ્ચ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને પારાવાર યાતનાઓ સહન કરવી પડતી હતી. ખાસ કરીને બહેનો માટે સલામતીના પ્રશ્નો આ સ્થિતીમાં થતા. વળી મોડાસા ડેપોથી કોલેજ સુધીના માર્ગે એટલો ટ્રાફીક રહે છે કે રાહદારી તરીકે ચાલીને જવામાં પણ જાનનું જોખમ રહેતું.

સમગ્ર બાબતે ચિંતા સેવી મ. લા. ગા. ઉ. ક. મંડળના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ, પ્રા.ડૉ.જગદીશ પ્રજાપતી, પ્રા. ડૉ. આર. પરમાર, પ્રા.ડૉ. ડી. આર. ફુદાણી, ગુજરાત પ્રદેશ યુવા ભાજપના મંત્રી હિતેશ પટેલ, એ. બી. વી. પી.ના કાર્યકરોએ મંત્રીશ્રી વાહન વ્યવહારને વિદ્યાર્થીઓના ઉપરોકત પ્રશ્નો - તકલીફોની લેખીત રજુઆત કરતા મંત્રીશ્રીએ હિંમતનગર ડિવીઝનમાં જરુરી સવલતો પુરી પાડવા સુચના આપી હતી. મોડાસા ડેપોમાં પુનઃ રજુઆત કરતાં ડેપો મેનેજર વાઘેલાએ હકારાત્મક અભીગમ રાખી જણાવ્યુ કે ટુંક સમયમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને કોલેજ કેમ્પસ ખાતેથી નીકળતી તમામ લોકલ બસોમાં વિદ્યાર્થીઓને ડેપોમાંથી બેસાડી કોલેજ સ્ટેન્ડ પર ઉતારવા માટે તથા કોલેજથી પરત ડેપો સુધી લાવવા માટેની જરુરી સુચનાઓ ડ્રાઈવર-કંડકટરોને આપવામાં આવી છે.

# તલોદનું ભજનમંડળ શામળાજીની પદયાત્રાએ

તલોદ, તા. ૨૮

તલોદનું રાધાકૃષ્ણ ભજન મંડળ તલોદથી શામળાજીની પદયાત્રાએ નીકળ્યું છે. પૂનમના દિવસે ભગવાન શામળીયાના દર્શન કરશે. વધુમાં આ ભજન મંડળ શામળાજી ભગવાનનો રથ લઈને ભજન કિર્તનની રમઝટ બોલાવતુ યાત્રાધામે પહોંચશે. માર્ગમાં અનેક શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શનનો લાભ લે છે તેમજ કેટલાક ગામોના ભક્તજનો રાત્રી રોકાણની પણ વ્યવસ્થા કરે છે. આમ હરખઘેલા આ ભજન મંડળના સભ્યો સહેજ થાક કે કંટાળા વગર હર્ષોલ્લાસ સાથે પોતાની પદયાત્રા કરી ધન્ય બન્યાનો સંતોષ વ્યક્ત કરશે. તલોદના રાધાકૃષ્ણ ભજન મંડળના ૭૦ થી ૮૦ સભ્યો તલોદથી બારસની વહેલી સવારે ભગવાન શામળજીયાનો રથ લઈ શામળાજી મંદિરે પદયાત્રાએ નીકળ્યા છે. લગભગ ૭૫ કિલોમીટરની આ પદયાત્રા બે દિવસે પુર્ણ થશે. ભજન કિર્તનની રમઝટ બોલાવતા જતાં આ ભજન મંડળ રાત્રી રોકાણે પણ ભક્તિમય બની ભજનકિર્તન કરી જ્યાં રોકાયા હતા ત્યાં વાતાવરણને ભજનમય બનાવી દે છે. આ ભજન મંડળ પોતાની સાથે ચા-પાણી તથા સાઉન્ડ સિસ્ટમ સાથેની વ્યવસ્થા રાખે છે.

તેરસની રાત્રીએ શામળાજી મંદિરના અન્નક્ષેત્રમાં રાત્રી રોકાણ કરી આખી રાત્રી ભજન કરવામાં આવે છે. પુનમની વહેલી સવારે રથ સાથે મંદિરની પરિક્રમા કરી ધજા ચઢાવવામાં આવશે અને ત્યારબાદ ભગવાનની જય જયકાર કરી શામળીયાના દર્શનનો લાભ લઈ આ ભજન મંડળ પોતાને ધન્ય બનાવશે. ઉપરોક્ત વિગતોની માહિતી આપતાં મંડળના ભીખુસિંહ રાઠોડે જણાવ્યું હતું કે શામળાજી મંદિરના ટ્રસ્ટીઓ, પૂજારી તથા સૌ કર્મચારી ગણ અમોને પુર્ણ સહકાર આપે છે. જેથી સતત આ પાંચમા વર્ષે અમોએ આ પદયાત્રાનું આયોજન કર્યુ છે. ભગવાન શામળાજીની સૌ કોઈ ઉપર કૃપાદષ્ટિ રહે, તંદુરસ્ત રહે અને ગુજરાતની વિકાસ ગાથા અવરિત બને તેવી પ્રાર્થના પ્રભુપાસે અમો કરીએ છીએ.